પુણા કુંભારીયા ગામના સારથી કોમ્પ્લેક્સમાં ચોથા માળે આવેલી સારથી ઈન હોટલનું

એક દિવસ પહેલા ઉદઘાટન થયું અને રાત્રે આગ

ચોથા માળે લાગેલી આગનો ધુમાડો હોટલના પંદર જેટલા રૂમમાં ઘૂસી જતાં ભારે દોડાદોડી થઈ

ગાદલાં, ગાદી અને ફર્નિચરને કારણે આગ વિકરાળ બની, ફાયરે એક કલાકે આગ પર કાબૂ મેળવ્યો

સુરતઃ સુરતના પુણા કુંભારીયા ગામ ખાતે આવેલા સારથી કોમ્પ્લેક્સના ચોથા માળે સ્થિત એક ઓયો હોટલમાં ગત રાત્રે આશરે 9 વાગ્યાની આસપાસ અચાનક આગ ફાટી નીકળતાં ભારે નાસભાગ અને અફરાતફરી મચી ગઈ હતી. આશ્ચર્યની વાત એ છે કે, જે હોટલનું ગઈકાલે બપોરે જ ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું, ત્યાં રાત્રિના સમયે એ.સી માં શોર્ટ સર્કિટ થવાના કારણે રૂમ નંબર 104 માં અચાનક આગ ભભૂકી ઊઠી હતી અને વિકરાળ સ્વરૂપ લઈ લીધું હતું. જેને કારણે અંદર રહેલા લોકોના જીવ તાળવે ચોંટી ગયા હતા. જોકે, ફાયરે તમામને બચાવી લીધા હતા.

આ હોટલમાં આશરે 14થી 15 રૂમ જેટલા રૂમ છે. હોટલમાં ઉદ્ઘાટન બાદ સ્ટાફ દ્વારા સાફ-સફાઈની કામગીરી ચાલી રહી હતી, તે દરમિયાન જ આ દુર્ઘટના ઘટી હતી. હોટલમાં પ્રોપર વેન્ટિલેશનની કોઈ સુવિધા ન હોવાને કારણે, જોતજોતામાં આગનો ધુમાડો આખી હોટલમાં અને પેસેજમાં પ્રસરી ગયો હતો. હોટલના રૂમમાં રહેલા ગાદલા, ગાદી અને લાકડાના ફર્નિચરના કારણે આગ વધુ ઝડપથી ભભૂકી ઉઠી હતી, આગ લાગતાની સાથે જ જીવ બચાવવા માટે ત્યાં હાજર કર્મચારીઓમાં દોડધામ મચી ગઈ હતી, પરંતુ કમનસીબે સ્ટાફના ત્રણ સભ્યો અંદર જ ફસાઈ જતાં અન્ય લોકોમાં ભારે ગભરાટ ફેલાયો હતો. ઘટનાની જાણ થતાં જ ત્રણ અલગ-અલગ ફાયર સ્ટેશનથી ફાયર બ્રિગેડના જવાનોનો મોટો કાફલો ટીટીએલ સહિતના અત્યાધુનિક સાધનો સાથે તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને આગ પર કાબૂ મેળવવાની સાથે રેસ્ક્યુ ઓપરેશન શરૂ કર્યું હતું. ફાયર બ્રિગેડના જવાનોએ આશરે એકાદ કલાકની ભારે મશક્કત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લીધો હતો. આ ભયાનક આગમાં ગાદલા, પંખા સહિત હોટલનો તમામ સામાન બળીને ખાખ થઈ ગયો હતો, પરંતુ સદનસીબે ફાયર વિભાગની સમયસૂચકતાને કારણે કોઈ જાનહાનિ થઈ નહોતી અને એક મોટી દુર્ઘટના ટળી ગઈ હતી.

હોટલમાં ફસાયેલાને બચાવવા માટે ચાર ફાયર સ્ટેશનની 8 ગાડીઓ અને 3 ટર્ન ટેબલ લેડરનો ઉપયોગ કરાયો

ચોથા માળે આગ હોવાને કારણે અને લોકો ફસાયા હોવાના મેસેજ મળતા જ ફાયર બ્રિગેડે યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરી હતી. શહેરના ચાર અલગ-અલગ ફાયર સ્ટેશનની 8થી વધુ ફાયર ફાઈટરની ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ઊંચાઈ પરથી લોકોને સુરક્ષિત નીચે ઉતારવા અને આગ ઓલવવા માટે તાત્કાલિક 3 ટર્ન ટેબલ લેડર (હાઈડ્રોલિક ક્રેન) પણ મંગાવવામાં આવી હતી અને લોકોને બચાવવામાં આવ્યા હતા.

ફાયરે કાચ તોડી ધુમાડો બહાર કાઢ્યો અને બાદમાં ત્રણને સહીસલામત બહાર કાઢ્યા

સબ ફાયર ઓફિસર સુનિલ ચૌધરીના જણાવ્યા અનુસાર, હોટલની અંદર વેન્ટિલેશનની પૂરતી અને યોગ્ય સુવિધા ન હોવાના કારણે આગને લીધે પેદા થયેલો કાળો ધુમાડો અંદર જ ભરાઈ રહ્યો હતો અને તેને બહાર નીકળવા માટે કોઈ જગ્યા નહોતી. આ કપરી પરિસ્થિતિમાં ફાયર ફાઈટર્સે હોટલના કાચ તોડીને ધુમાડો બહાર કાઢવાનો રસ્તો કર્યો હતો. ત્યારબાદ ભારે જહેમત ઉઠાવીને અંદર ફસાયેલા સ્ટાફના ત્રણ સભ્ય 21 વર્ષીય સુનિલ પંચાલ, 21 વર્ષીય સુહાગ ભગુ વસાવા અને 25 વર્ષીય ઉપગ્રસ્ત યાદવને સુરક્ષિત અને સહીસલામત બહાર કાઢી લીધા હતા.

PM મોદી હજીરામાં L&T ડિફેન્સ પ્લાન્ટમાં 45 મિનિટ નિરીક્ષણ કરશે

સંરક્ષણ પ્રોજેક્ટની ગુપ્તતાને ધ્યાને રાખી રાજકીય આગેવાનોને પ્રવેશ નહીં અપાશે

સુરતઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદી 5 જૂનના રોજ બપોરે 2 વાગ્યે સુરત એરપોર્ટ પર પહોંચવાના છે. ત્યાંથી, તેઓ હજીરામાં એલ એન્ડ ટી ડિફેન્સ કોમ્પલેક્ષની સુવિધાઓનું નિરીક્ષણ કરશે. અહીં ચાલી રહેલી ઔદ્યોગિક કામગીરી અને માળખાગત પ્રોજેક્ટ્સની સમીક્ષા કરવા માટે લગભગ 45 મિનિટ વિતાવશે.

સંભવતઃ તેઓ હજીરા એલ એન્ડ ટી ડિફેન્સ કોમ્પલેક્ષમાં પ્લાન્ટની મુલાકાત દરમિયાન હજીરામાં આવેલી L&Tની આર્મર્ડ સિસ્ટમ્સ કોમ્પ્લેક્ષનું નિરીક્ષણ કરશે. પ્રોટોકોલ પ્રમાણે મોદીની આ મુલાકાત દરમિયાન સંભવતઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી તેમની સાથે નહી હોય.વ હજીરાના L&T ડિફેન્સ પ્લાન્ટ ખાતેની મુલાકાત દરમિયાન પરંપરાગત રીતે જોવા મળતી રાજકીય ભીડને મર્યાદિત રાખવામાં આવશે. માત્ર જરૂરી અધિકારીઓ અને કંપનીના વરિષ્ઠ પ્રતિનિધિઓને જ ઉપસ્થિત રહેવાની મંજૂરી આપવામાં આવવાની શક્યતા છે. મોદી સાથે અન્ય કોઈજ આગેવાન આ મુલાકાત દરમિયાન દેખાશે નહીં તેવું માનવામાં આવી રહ્યું છે. મોદી હજીરાની સાથે સુરતમાં ઈન્ડોર સ્ટેડિયમમાં પણ કાર્યક્રમમાં હાજરી આપશે. સાથે સાથે દમણમાં એરપોર્ટનું પણ ઉદ્દઘાટન કરશે.

મોદીની મુલાકાતના એક જ દિવસમાં સી.આર. પાટીલ, હર્ષ સંઘવી સર્જશે વૃક્ષા રોપાણ મહાવિક્રમ

સુરતઃ સુરત શહેરમાં વડાપ્રધાનના ગ્રીન પ્રવાસને ઐતિહાસિક અને યાદગાર બનાવવા માટે વિશાળ સ્તરે સ્વચ્છતા અભિયાન અને વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલ અને રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી પોતે મેદાનમાં ઉતરીને આ અભિયાનની આગેવાની સંભાળશે. બંને નેતાઓ સ્વચ્છતા ઝુંબેશ તેમજ વૃક્ષારોપણ કાર્યક્રમમાં સક્રિય રીતે ભાગ લેશે અને નાગરિકોને પણ તેમાં જોડાવા માટે પ્રેરિત કરશે. સુરતમાંથી સમગ્ર દેશને પર્યાવરણ પ્રત્યેની જવાબદારી અને જળ બચાવનો મજબૂત સંદેશ પહોંચે તે માટે ડિજિટલ અને ગ્રાઉન્ડ લેવલ પર વ્યાપક આયોજન કરવામાં આવ્યું છે.

પ્રશ્નો ન ઉકેલાતા 10મી એ મનપાના તમામ કર્મીઓ માસ સીએલ મૂકશે

કર્મચારી મહામંડળ દ્વારા મનપા કમિશનરને રજૂઆત કરી ઉગ્ર આંદોલનની ચીમકી

સુરતઃ સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓના લાંબા સમયથી વણઉકલ્યા પ્રશ્નોને લઈને હવે મનપા તંત્ર અને કર્મચારી મંડળ સામસામે આવી ગયા છે. સુરત મહાનગરપાલિકા કર્મચારી મહામંડળ દ્વારા મનપા કમિશનરને એક લેખિતમાં આપી ઉગ્ર આંદોલનની ચીમકી આપવામાં આવી છે.

પત્રમાં સ્પષ્ટ આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો છે કે, છેલ્લા 6 મહિનાથી મહાનગરપાલિકામાં કાર્યરત વિવિધ યુનિયનો દ્વારા અગાઉના મનપા કમિશનર તેમજ વર્તમાન કમિશનરને અનેક વખત લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી છે, તેમ છતાં કર્મચારીઓના પડતર પ્રશ્નોનું આજદિન સુધી કોઈ સકારાત્મક નિરાકરણ આવ્યું નથી.

હવે નાછૂટકે તમામ કર્મચારીઓએ આંદોલનનું શરણું લેવું પડી રહ્યું છે. જેના ભાગરૂપે આગામી તારીખ 10મી જૂને સુરત મનપામાં ફરજ બજાવતા તમામ કર્મચારીઓ અને કામદારો એકસાથે સામૂહિક સી.એલ. પર ઉતરી જશે.

આ દિવસે તમામ કર્મચારીઓ કામકાજથી અળગા રહીને મનપાની મુખ્ય કચેરીના પ્રવેશદ્વાર પાસે એકત્રિત થશે અને તંત્ર સામે પ્રતીકાત્મક ધરણા પ્રદર્શન કરશે. આ સામૂહિક રજા અને ધરણા પ્રદર્શનના કારણે મનપાની વહીવટી કામગીરી ખોરવાઈ જશે. આ દરમિયાન પ્રજાકીય કાર્યો અટકશે કે અન્ય જે કોઈ પણ વહીવટી પ્રશ્નો ઉપસ્થિત થશે, તેની સંપૂર્ણ જવાબદારી સબંધિત ઉચ્ચ અધિકારીઓની રહેશે.

મનપાના ડે.કમિ. ભોગાયતાની ભરૂચના આરડીસી તરીકે બદલી

સુરતઃ સોમવારની રાત્રે ડેપ્યુટેશન પર આવેલા જીએએસ ભોગાયતાની ભરૂચના રેસિડન્સ કલેકટરપદે બદલી કરવામાં આવી છે. જો કે આ બે બદલીઓના કારણે 11 હજાર કરોડથી વધુના વાર્ષિક બજેટ સાથે કાર્યરત સુરત મહાનગરપાલિકામાં ઉચ્ચ અધિકારીઓની અછત વધુ ગંભીર બની રહી છે. હવે મનપા કમિશનર નાગરાજન સામે વહીવટી જવાબદારીઓના પુનઃવહેંચણીનો પડકાર ઊભો થયો છે. ખાસ કરીને વરાછા-એ ઝોનના ઝોનલ ચીફની જવાબદારી કોને સોંપવી તે મુદ્દો હાલ ચર્ચાના કેન્દ્રમાં છે. ડેપ્યુટી કમિશનર ભોગાયતા પાસે વરાછા-એ ઝોનના ઝોનલ ચીફ ઉપરાંત વિજિલન્સ, ઈન્ક્વાયરી અને લીગલ વિભાગ જેવી મહત્ત્વપૂર્ણ જવાબદારીઓ પણ હતી. તેમની બદલી બાદ આ તમામ વિભાગો માટે નવા જવાબદાર અધિકારીઓની નિમણૂક કરવી અનિવાર્ય બની છે.

કીમના રત્નકલાકારના મ્યુલ એકાઉન્ટમાં 30.10 લાખના વ્યવહાર

સુરત : જહાંગીરપુરા પોલીસે મ્યુલ એકાઉન્ટનો પર્દાફાશ કરી કીમના રત્નકલાકારને ઝડપી લીધો છે. આ ખાતાનો ઉપયોગ કરીને દેશના અલગ-અલગ રાજ્યોમાંથી સાયબર છેતરપિંડીના કુલ 30,10,133 જેટલી માતબર રકમના વ્યવહારો થયા છે. તપાસ દરમિયાન અરજદાર સાથે થયેલી ઓનલાઈન છેતરપિંડીના નાણાં પાર્થ પ્રકાશભાઈ વિરોજા (રહે. સાંઈ શ્રદ્ધા કોમ્પલેક્સ, ઓલપાડ રોડ, કીમ, સુરત) ના નામે આવેલા બેંક ઓફ ઈન્ડિયા (બ્રાન્ચઃ પાલોદ, કીમ) માં ટ્રાન્સફર થયા હોવાનું બહાર આવ્યું હતું. રત્નકલાકાર પાર્થ વિરોજાએ પોલીસ સમક્ષ કબૂલાત કરી હતી કે તેના પિતાનું અવસાન થયેલું હોવાથી તથા દાદા અને પત્નીની તબિયત નાજુક હોવાને કારણે તેને નાણાંની જરૂર હતી. જેથી તેને આરોપીઓએ ઓનલાઈન ફ્રોડના રૂપિયા મેળવવા માટે ખાતું ભાડે આપવાની લાલચ આપી હતી.

હોટલ-સ્પા સંચાલકો પાસે ખંડણી લેતા 'ડોંડા બ્રધર્સ' સામે વધુ એક ગુનો

રૂ. 15,000થી રૂ. 30,000નો હપ્તો નહીં આપે તો 'ધંધો બંધ કરાવી દેવાની' ધમકી આપી રૂા. 67,200 પડાવી લીધા

સુરતઃ લલિત ડોંડા અને અલ્પેશ ડોંડા બે ભાઈઓની ત્રિપુટીએ સરથાણા અને યોગીચોક વિસ્તારમાં વેપારીઓ અને હોટલ-સ્પાના સંચાલકોને ડરાવી-ધમકાવી દર મહિને મસમોટી રકમનો હપ્તો ઉઘરાવતા મામલો પોલીસમાં પહોંચ્યો છે..

મૂળ ઉત્તરપ્રદેશના વતની અને હાલ કડોદરા સ્વસ્તિક સોસાયટીમાં રહેતા ૨૬ વર્ષીય ગૌતમભાઈ સુનીલભાઈ સિંહ વેસુ વિસ્તારમાં આવેલી સાઈદીપ હોટલમાં હોટલ મેનેજમેન્ટનું કામ કરતા હતા. આશરે છ મહિના પહેલાં તેઓ યોગીચોક ખાતે આરોપી લલિત ડોંડાના સંપર્કમાં આવ્યા હતા. ત્યારબાદ લલિતે તેઓને વોટ્સએપ કોલ કરીને ધમકી આપી હતી કે, જો તારે હોટલ ચલાવવી હોય તો દર મહિને રૂા. ૧૫,૦૦૦ નો હપ્તો આપવો પડશે, નહીં તો પોલીસને મોકલીને તારો ધંધો બંધ કરાવી દઈશ. આમ ધમકી આપીને ડોંડા બ્રધર્સએ કટકે-કટકે કુલ રૂા. ૧૫,૦૦૦ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લીધા હતા. છતાં પણ આરોપીઓએ વધુ પૈસાની માંગણી ચાલુ રાખતા કંટાળીને ગૌતમભાઈએ ફેબ્રુઆરી ૨૦૨૬માં હોટલ બંધ કરી દીધી હતી.

બીજા બનાવમાં, રાજકોટના ગાંધીગ્રામ ખાતે રહેતા અને સુરતમાં બોડી-મસાજ સ્પાનો વ્યવસાય કરતા ૫૦ વર્ષીય હસમુખભાઈ બાલકૃષ્ણભાઈ ગણાત્રા સરથાણા જકાતનાકા પાસે આવેલ રાજવી શોપિંગ સેન્ટરમાં 'ટોપાઝ વેલ્નેસ સેન્ટર' નામનો સ્પા ચલાવતા હતા. જુલાઈ ૨૦૨૫માં લલિત ડોંડા તેમની દુકાને મસાજ માટે આવ્યો હતો અને પોતાને સરથાણા વિસ્તારનો નામચીન વ્યક્તિ ગણાવ્યો હતો. ત્યારબાદ લલિત અને તેના ભાઈ અલ્પેશ ડોંડાએ વોટ્સએપ કોલ કરીને ધમકી આપી હતી કે, અને કટકે-કટકે રૂા. ૫૦,૦૦૦ રોકડા લઈ લીધા હતા. આ રંઝાડથી કંટાળીને હસમુખભાઈએ ડિસેમ્બર ૨૦૨૫માં સ્પા બંધ કરી દીધું હતું.પોતાનો ધંધો બંધ કરીને રાજકોટ પરત ફરેલા હસમુખભાઈને બે દિવસ પહેલાં સોશિયલ મીડિયા મારફતે ખબર પડી હતી કે લલિત ડોંડા વિરૂદ્ધ સરથાણા પોલીસ મથકમાં અગાઉ પણ ફરિયાદ થઈ છે. જેથી હિંમત કરી તેઓએ પણ સરથાણા પોલીસ મથકમાં ડોંડા બ્રધર્સ સામે ફરિયાદ નોંધાવી હતી.

સિવિલમાં દર્દી પાસે રૂ.10 ઉઘરાવતા ઓપરેટરને હટાવાયો

કેસબારી પર થતાં ઉઘરાણાની જાણ થતાં સુપરિન્ટેન્ડન્ટે તાકીદની બેઠક બોલાવી કર્મચારીઓને ચેતવણી આપી

સુરતઃ નવી સિવિલ હોસ્પિટલમાં દર્દીઓ પાસેથી ગેરકાયદે 10 રૂપિયા વસૂલાત કરનાર કેસબારી પર ફરજ બજાવતા આઉટસોર્સિંગ એજન્સીના કોમ્પ્યુટર ઓપરેટરને ડિસમિસ કરી દેવામાં આવ્યો છે.

આ વાઈરલ થયેલા વિડીયોને પગલે નવી સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષક ડો. પારુલ વડગામાએ તાત્કાલિક સમીક્ષા બેઠક બોલાવી હતી. તબીબી અધિક્ષકની ચેમ્બરમાં યોજાયેલી બેઠકમાં આરએમઓ ડો. કેતન નાયક, ઈન્ચાર્જ નર્સિંગ સુપ્રિટેન્ડેન્ટ ઈકબાલ કડીવાલા સહિત વિવિધ આઉટસોર્સિંગ એજન્સીઓના કોન્ટ્રાક્ટરો, સુપરવાઈઝરો, ડેટા ઓપરેટરો અને સિક્યુરિટી અધિકારીઓ હાજર રહ્યા હતા. આ દરમિયાન હોસ્પિટલ પ્રશાસને સ્પષ્ટ કર્યું હતું કે, નવી સિવિલ હોસ્પિટલમાં ભ્રષ્ટાચાર અને ગેરવર્તણૂક સામે 'ઝીરો ટોલરન્સ'ની નીતિ અમલમાં છે.

ઓછી રકમ એકત્રિત થાય તો નાસ્તો કરી લેતા, વધારે થાય તો રૂપિયા વહેંચી લેતા

નવી સિવિલ હોસ્પિટલના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, દર્દીઓ પાસેથી વસૂલાયેલા રૂપિયાની રકમ અન્ય કેટલાક ઓપરેટરો સાથે વહેંચી લેવામાં આવતી હોવાની પણ ચર્ચા છે. એટલું જ નહીં, જે દિવસે ઓછી રકમ એકત્ર થતી તે દિવસે આ રૂપિયાથી નાસ્તો મંગાવવામાં આવતો હોવાની પણ માહિતી સામે આવી છે.

પીએમ આવે તે પહેલા વાહવાહી લૂંટવા સાયબર ફ્રોડના 39 ગુના નોંધાયા

એક જ દિવસમાં રૂ.૩.૪૨ કરોડના સાયબર ફ્રોડના ગુના નોંધાયા

અગાઉ 'ઓપરેશન મ્યુલ એકાઉન્ટ' બાદ પોલીસની નિષ્ક્રિયતા છતી થઈ

સુરતઃ આગામી ૫મી તારીખના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુરત શહેરની મુલાકાતે આવી રહ્યા છે, ત્યારે તેમના આગમન પૂર્વે જ સાયબર ક્રાઈમની કામગીરીના ઊંચા આંકડા અને વાહવાહી મેળવવા માટે સુરત પોલીસ વિભાગ સફાળો જાગ્યો હોય તેવું ચિત્ર ઉપસી આવ્યું છે. શહેરનાં અલગ-અલગ પોલીસ સ્ટેશનોમાં લાંબા સમયથી ધૂળ ખાતી અરજીઓ પર ત્વરિત કાર્યવાહી કરીને એક જ દિવસમાં રૂ.૩,૪૨,૪૮,૮૫૪ની મસમોટી રકમના સાયબર ફ્રોડના કુલ ૩૯ જેટલા ગુના ફટાફટ નોંધી લેવામાં આવ્યા છે.

39 ગુના પૈકીના ગુનાઓમાં મુખ્ય કઈ કઈ રીતે સાયબર ફ્રોડ કરવામાં આવ્યું?

- RTO મેમો ચેક કરવા જતાં એપ્લિકેશન ડાઉનલોડ થઈ અને સિંગાપોરના ડ્રાઈવરના ૨૨,૯૯૯ સાફ થઈ ગયા
- ઇન્સ્ટાગ્રામ પર સસ્તા ફ્રિજની જાહેરાત જોઈ શાહપોર માછલીપીઠના વેપારીએ ૧.૩૯ લાખ ગુમાવ્યા
- પૂણાના રત્નકલાકારનું ક્રેડિટ કાર્ડ અને ફોન હેક કરી રૂ.૯૪,૯૪૧ની છેતરપિંડી
- બારડોલી RTOના નામે સોશિયલ મીડિયા પર ડુપ્લિકેટ લાઇસન્સ બનાવી ઠગાઈ આચરતી ટોળકી
- નાના વરાછા પટેલપાર્ક સોસાયટીમાં રહેતા હીરા કારીગર પાસે ૪૬,૯૦૦ ઓનલાઈન પડાવી લીધા
- શ્યામધામ ચોક વર્ધમાન સોસાયટીમાં રહેતા અને આઈટી ક્ષેત્રે નોકરી કરતા હર્ષિલ કિશોરભાઇ સખીયાની પત્નીએ ઇન્સ્ટાગ્રામ પર 'Madhav Consultant' નામની આઈડી પર લાઇસન્સની જાહેરાત જોઈ ૬,૦૦૦ પડાવી લીધા
- યુકે વર્ક વિઝા અપાવવાના બહાને વેસુના વિઝા કન્સલ્ટન્ટ સાથે ૩ લાખની ઠગાઈ
- તિરૂમાલામાં હોટેલ બુકિંગ કરાવવા જતાં સગરામપુરાની ગૃહિણીએ ૪ હજાર ગુમાવ્યા
- વીઆર મોલમાં સેલ્સમેન તરીકે નોકરી કરતા મોહમદ મોઈન શેખને યુટ્યુબ ચેનલના સબસ્ક્રાઇબર વધારવાની લાલચ આપી 44,250 ઠગાઇ
- ફેન્સી હીરા શીખવવાની ટેલિગ્રામ જાહેરાત જોઈ કતારગામના રત્નકલાકારે ૮,૫૦૦ ગુમાવ્યા

સાયબર માફિયાઓએ સુરતના વૃદ્ધ શિક્ષકને ડિજિટલ અરેસ્ટ કર્યા

'ઈન્ડિયન એરફોર્સના ગુપ્ત ફોટા તમારા IDથી પાકિસ્તાન મોકલાયા'

ATS-NIAના અધિકારી બની બોગસ ગુનો ઊભો કરી 2 લાખ પડાવ્યા

સુરતઃ દેશની સર્વોચ્ચ તપાસ એજન્સીઓ ATS અને NIAના નકલી અધિકારી બનીને ગઠિયાઓએ સુરતના એક શિક્ષકને રાષ્ટ્રીય સુરક્ષાના ગંભીર ગુનામાં ફસાવી દેવાની ધમકી આપી હતી. પાકિસ્તાનમાં એરફોર્સ બેઝના ગુપ્ત ફોટા મોકલ્યાનો ખોટો ભય ઊભો કરી, ઘરમાં જ 'ડિજિટલ હાઉસ અરેસ્ટ' રાખીને શિક્ષક પાસેથી રૂ.૨,૦૦,૦૦૦ પડાવી લેવાતા સલાબતપુરા પોલીસે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

સલાબતપુરાના ઈન્દરપુરા, રાણાવાડ સ્થિત ઝૈની હોમ્સમાં રહેતા અને વ્યવસાયે શિક્ષક એવા ૬૧ વર્ષીય શબ્બીર હકીમુદ્દીન સુવાસરાવાલા (મૂળ મધ્યપ્રદેશ)ને ગત ૧૫ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ મોબાઈલ પર અજાણ્યા નંબરો પરથી કોલ આવ્યા હતા. સામે પક્ષેથી બોલતા ઠગોએ પોતાની ઓળખ પુણે એટીએસ (ATS) અને એનઆઈએ (NIA)ના ઉચ્ચ અધિકારીઓ તરીકે આપી હતી. શાતિર ઠગોએ જણાવ્યું કે, તમારા સરકારી આઈડી કાર્ડનો ઉપયોગ કરીને ઇન્ડિયન એરફોર્સ બેઝ કેમ્પના ૨૧ અત્યંત ગુપ્ત ફોટોગ્રાફ્સ પાકિસ્તાન મોકલવામાં આવ્યા છે. આ દેશદ્રોહનો મામલો હોવાથી તમારી સામે વોરંટ નીકળ્યું છે. આટલું કહી ગઠિયાઓએ વિડીયો કોલ ચાલુ રખાવી શિક્ષકને ઘરમાં જ નજરકેદ (ડિજિટલ એરેસ્ટ) કરી દીધા હતા અને કોઈને પણ જાણ ન કરવા માટે ભારે માનસિક દબાણ ઊભું કર્યું હતું. આ દરમિયાન ઠગોએ કેસના સેટલમેન્ટ અને વેરિફિકેશનના બહાને સરકારી ખાતાના નામે પોતાના અલગ-અલગ એકાઉન્ટ નંબરો આપ્યા હતા. ગભરાઈ ગયેલા શબ્બીરભાઈએ પોતાના કોટક મહિન્દ્રા બેંક, કેનેરા બેન્ક અને બેંક ઓફ બરોડાના ખાતામાંથી ટુકડે-ટુકડે કુલ રૂ.૨ લાખની મોટી રકમ ઠગોના ખાતામાં ટ્રાન્સફર કરી દીધી હતી. રૂપિયા પડાવી લીધા બાદ ઠગોએ ફોન કાપી નાંખ્યો હતો. લાંબા સમય સુધી ભારે માનસિક આઘાતમાં રહ્યા બાદ શબ્બીરભાઈએ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન અને સલાબતપુરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ તેજ કરી છે.

સંક્ષિપ્ત સમાચાર

શ્રી અમદાવાદી ચાંપાનેરી મોઢ ઘાંચી મંડળ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

સુરતઃ શ્રી અમદાવાદી ચાંપાનેરી મોઢ ઘાંચી જ્ઞાતિ મંડળ દ્વારા તારીખ 31મે રવિવારના રોજ જીવન વિકાસ ટ્રસ્ટ, અડાજણ મુકામે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમાજના તેમજ અન્ય સમાજના ભાઈઓ-બહેનો તેમજ વડીલોએ ખૂબજ ઉત્સાહથી ભાગ લીધો હતો. જેમાં 120 યુનિટ બ્લડ ડોનેટ કરવામાં આવ્યું હતું. મંડળ પ્રમુખ ચંદ્રેશ બી મોદી તેમજ તમામ હોદ્દેદારો, કમિટી સભ્યો અને સ્પોર્ટ્સ કમિટીના સભ્યો દ્વારા રક્તદાન કરનારનો આભાર માનવામાં આવ્યો હતો.

સુરતના ડો. કરણ જરીવાલાને 'ગુજરાત ગૌરવ એવોર્ડ ૨૦૨૬' થી સન્માનિત કરાયા

સુરતઃ સુરતના જાણીતા, અત્યંત પ્રતિભાશાળી અને બહુમુખી વ્યક્તિત્વ ધરાવતા ડો. કરણ જરીવાલાને આર્ટ, ફેશન, મેડિસિન અને ઇન્ફ્લુએન્સિંગના ક્ષેત્રમાં તેમના અસાધારણ અને ઉત્કૃષ્ટ યોગદાન બદલ પ્રતિષ્ઠિત 'ગુજરાત ગૌરવ એવોર્ડ ૨૦૨૬' થી નવાજવામાં આવ્યા છે. આ સમારોહમાં ગુજરાતી ફિલ્મ ઇન્ડસ્ટ્રીના કલાકારો, સેલેબ્રિટીઝ તેમજ ગુજરાતના અગ્રણી રાજકીય નેતાઓ અને ગણમાન્ય મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા, જેમની પ્રેરક ઉપસ્થિતિમાં ડો. કરણ જરીવાલાને આ પ્રતિષ્ઠિત સન્માન એનાયત કરવામાં આવ્યું હતું.

પંચમ્ ગ્રુપ દ્વારા રાજ કપૂરની ફિલ્મી ગીતોનો કાર્યક્રમ યોજાયો

સુરતઃ 'ગા મેરે મન ગા' શ્રેણી અંતર્ગત પંચમ ગ્રુપ દ્વારા રાજ કપૂરની ૩૮મી પુણ્યતિથિ નિમિત્તે ૩૭૪મો રાજ કપૂરના ફિલ્મી ગીતોનો જાહેર કાર્યક્રમ ૩૧મી મેના રવિવારે કલરવ સ્ટુડિયો, પાલ સુરત ખાતે યોજાયો હતો. જેમાં રિદ્ધિશકુમાર, એડવોકેટ વસંત રાઠોડ, હરેશ ભટ્ટી, ચારુ શર્મા, મિનેશ જૈન નૈષધ શુક્લા,જય વ્યાસ, રીમા શર્મા, ધનસુખ શાહ, નીના ચિંચગર અને જસ્સી પટેલે રાજ કપૂરના ફિલ્મી ગીતો રજૂ કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન રીમા શર્માએ કર્યું હતું.

પ્રભુભક્તિ કરવાથી પુણ્ય, પવિત્રતા અને પાત્રતાનો ઈન્ડેક્ષ ઊંચો જાય છેઃ પદ્મદર્શનસૂરિજી

મુંબઈઃ દક્ષિણ મુંબઈના ભાયખલા સ્થિત શેઠ મોતીશા ચેરીટેબલ રિલીજીયસ ટ્રસ્ટમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજની પાવન પધરામણી થઈ હતી. આ ભાયખલાની ઊર્જાભૂમિ પર સચ્ચારિત્રચૂડામણી, સિદ્ધાન્તમહોદધિ પૂ.આ. પ્રેમસૂરિજી મહારાજાએ વિક્રમ સંવત 2008ની સાલમાં વૈશાખ વદ છઠના દિવસે શેરબજારના કિંગ જીવતલાલ પ્રતાપશીના ભત્રીજા ઈન્દ્રવદન દલાલને ભાગવતી પ્રવ્રજ્યાનું પ્રદાન કર્યું હતું. તેઓ આગળ જતાં યુગપ્રધાન આચાર્ય સમ પંન્યાસપ્રવર પૂ. ગુરુમૈયા ચન્દ્રશેખરવિજયજી મહારાજ તરીકે સમગ્ર ભારતભરમાં સુપ્રસિદ્ધ થયા હતા. ભાયખલાની આ ભૂમિ ઉપર જૈન શાસનના મોતીશા શેઠે ભવ્ય જિનાલય બનાવ્યું છે. આ પાવન અવસરે જૈનાચાર્ય પૂ. પદ્મદર્શનસૂરિજી મહારાજે ધર્મસભા સમક્ષ જણાવ્યું હતું કે, પ્રભુનાં મંદિરો પવિત્ર ઊર્જાના ભંડાર છે. પ્રભુભક્તિ કરવાથી પુણ્ય, પવિત્રતા અને પાત્રતાનો ઈન્ડેક્ષ ઊંચો જાય છે. શ્રદ્ધા, સમર્પણ અને સદ્ભાવની સરિતા સતત વહેતી રહેવી જોઈએ. જ્યારે આપણી શ્રદ્ધા, સમર્પણ અને સદ્ભાવમાં હીનતા આવે છે ત્યારે જીવન ખાડામાં જતા વાર લાગતી નથી.

હોસ્પિ.માં રહેલા દર્દીના પરિજનો માટે કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલની ટિફિન સેવા

સુરતઃ સુરતની કોઈપણ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા નવસારી લોકસભા અને તેની આસપાસના વિસ્તારના દર્દીઓના પરિજનોને જમવાની તકલીફ નહીં પડે તે માટે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સીઆર પાટીલ દ્વારા પોતાના કાર્યલયથી એક વિશેષ 'ટિફિન સેવા' શરૂ કરવામાં આવી છે. કાર્યાલય પર માત્ર એક જાણ કરવાથી, દર્દીના સગાઓની સંખ્યા મુજબ સીધું હોસ્પિટલ સુધી ગરમાગરમ ટિફિન પહોંચાડવામાં આવશે. અથવા પરિજનો ઈચ્છશે તો કાર્યાલય પર જઈને પણ જમી શકશે.

ICMAI ના સાઉથ ગુજરાત ચેપ્ટરના નવા હોદ્દેદારો નિમાયા



સુરત; દર વર્ષે ICMAIના સુરત સાઉથ ગુજરાત ચેપ્ટરમાં નવા પદાધિકારીઓની નિમણુક થાય છે. ત્યારે વર્ષ 2026-27 માટે પ્રમુખ પદે સીએમએ કેવલ શાહની નિમણુક થઈ છે, વાઇસ ચેરમેન તરીકે સીએમએ ભરત સવાણી, સેક્રેટરી તરીકે સીએમએ વિપિન પટેલ અને ખજાનચી તરીકે અશ્વિન આંબલીયાની નિમણુક થઈ છે. વેસ્ટર્ન ઇન્ડિયા રીજનલ કમિટીના વાઇસ ચેરમેન સીએમએ નેન્ટી શાહએ સુરત ચેપ્ટરના તમામ નવનિયુક્ત સભ્યોને શુભકામનાઓ પાઠવી અને આવનર વર્ષમાં સારી સુવિધા સાથે સભ્યો અને વિદ્યાર્થીઓના પ્રગતિમાં વધુ યોગદાન આપે તેવું સૂચના પણ જણાવી.

ડો. જતીન બામણીયા એસો. ઓફ ફિઝિશિયન ઓફ સુરતના પ્રમુખ બન્યા

સુરતઃ શહેરના જાણીતા એમ.ડી ફિઝિશિયન ડો. જતીન બામણીયાની એસોસિએશન ઓફ ફિઝિશિયન ઓફ સુરતના વર્ષ 2026-27 માટે પ્રમુખ તરીકે સર્વાનુમતે પસંદગી કરવામાં આવી છે. આ કાર્યક્રમમાં કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર પાટીલ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે ભૂલકા ભવન સ્કૂલ, અડાજણના પ્રેસિડેન્ટ મીનાક્ષીબેન દેસાઈ અતિથિ વિશેષ તરીકે હાજર રહ્યા હતા. શપથવિધિના ઇન્સ્ટોલેશન ઓફિસર તરીકે નવી સિવિલ હોસ્પિટલના ઇન્ચાર્જ તબીબી અધિક્ષક ડો. પારુલ વડગામાએ હાજરી આપી હતી. કાર્યક્રમમાં શહેરના તબીબી ક્ષેત્ર સાથે જોડાયેલા અંદાજે 270થી વધુ ડોક્ટરો અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. પ્રમુખપદની જવાબદારી સંભાળતા ડો. જતીન બામણીયાએ એસોસિએશનની સર્વાંગી પ્રગતિ, તબીબોના હિતોનું રક્ષણ તેમજ આરોગ્ય ક્ષેત્રે સમાજસેવાને વધુ વેગ આપવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.